ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૯-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

જીવતા વડીલોને સમ્માનપૂર્વક સાચવીશું તો પૂર્વજો તૃપ્ત થશે

ભાદરવા માસની પૂનમથી અમાસ સુધીના પખવાડિયાને શાસ્ત્રમાં 'પિતૃપક્ષ' કહ્યો છે. પિતૃતર્પણના આ પખવાડિયા દરમિયાન પરંપરા અનુસાર પૂર્વજોનું શ્રદ્ધ. પિતૃઓ પ્રત્યે એમના વંશજોને હંમેશા આદરભાવ જ હોય. છતાં ક્યારેક એવું પણ બને કે એમની હયાતી દરમિયાન કોઈ કારણસર એમનું માન ન જાળવી શકાયું હોય. જીવન એક સંકુલ ઘટના છે. એમાં બધું માણસની ઈચ્છા મુજબ જ થાય તો બીજું જોઈએ શું? સંતાન માટે માતાપિતા જીવ આપી દેતાં હોય છે. જેની કૂખ કોરી રહી ગઈ હોય તેવી સ્ત્રીઓ શેર માટી માટે પથ્થર એટલા દેવ કરે છે. આખરે કોઈ કારી ન ફાવે તો અનાથાશ્રમમાંથી કે સગાંસબંધી પાસેથી બાળક લઈ આવી એને હેત પૂર્વક ઉછેરે છે. પરંતુ જ્યારે લોહીપસીનો એક કરીને મોટાં કરેલાં સંતાનો વૃદ્ધ માતાપિતાની જવાબદારી સ્વીકારવામાં આનાકાની કરે છે ત્યારે જે કરુણ ઘટના સરજાય છે તે માનવજીવનની કલંકકથા બની રહે છે. વૃદ્ધાશ્રમો એ એકવીસમી સદીની અનિવાર્ય મજબૂરી છે. પશ્ચિમની દુનિયામાં આ વ્યવસ્થા એક સ્વીકૃત પરંપરા છે પરંતુ જે દેશની પ્રજા એની સાત સાત પેઢીના પિતૃઓનું શ્રાદ્ધ કરતી હોય એને માટે તો એ કચવાતા મને સ્વીકારવી પડે એવી કઠોર વાસ્તવિકતા છે. શ્રાદ્ધપર્વ નિમિત્તે આપણે વધી રહેલી વડીલોની સંખ્યા અને એના સુયોગ્ય વ્યવસ્થાપનની પણ ચિંતા કરવી પડશે. સુવિધાઓ અને તબીબી સારવારમાં ઉમેરાયેલાં આધુનિક સંશોધનોને કારણે ભારતીય નાગરિકોની સરેરાશ વયસીમા (એવરેજ લાઈપ સ્પાન) વધી છે. હવે ભારતીય પુરુષ સરેરાશ ચોસઠ વર્ષ જીવે છે અને મહિલા સડસઠ વર્ષ જીવે છે. એક તબક્કો એવો આવશે કે આ આંકડો એંશી વટાવી જશે. ત્યારે આજકાલ વિશ્વની સૌથી વધારે યુવા વસતિ ધરાવતો આપણો દેશ ચીનની જેમ વૃદ્ધોની વસતિને કઈ રીતે સાચવવી તેવા પ્રશ્નનો સામનો કરતો હશે. આપણે મરી ગયા પછી પિતૃઓને સંભારનારી અને સંભાળનારી પ્રજા છીએ. ખરું શ્રદ્ધા તો વૃદ્ધ વડીલોને એમની જિંદગીનો અંતિમ અધ્યાય સ્વમાનભેર આનંદપૂર્વક જીવવામાં મદદરૂપ થવાથી જ કર્યું ગણાય. જો કે દિવંગત સ્વજનોની સ્મૃતિમાં કાગવાસ નાખવાની પરંપરા એ ભવ્ય કવિત્વમય કલ્પના છે. સૌ જાણતું હોય છે કે ઘાબા પર જઈને પિતૃને જમાડવા માટે 'વાસ...વાસ' ('વાયસ' એટલે કાગડો)કરી કાગડાને નોતરવાથી એ ખીર કંઈ મરનાર જીવને નથી પહોંચવાની. પરંતુ વરસના વચલા દહાડે કાગડા જેવા અણગમતા પક્ષીને પણ પ્રેમપૂર્વક કંઈક પધરાવવું એ પ્રકૃતિના તત્ત્વો સાથેના તાદાત્મ્યનું જ પ્રેરક ઉદાહરણ છે. ગાંધીનગરની એક નામાંકિત જનસેવી સંસ્થાના બિનવારસી વ્યક્તિઓનું શ્રાદ્ધ કરી આપણને એકવીસમી સદીમાં માણસાઈના દીવા પ્રગટાવવા પ્રેરે છે. શ્રાદ્ધપક્ષ સાથે કેટલીક અંધશ્રદ્ધા પણ સંકળાઈ ગઈ ચે. મોટા ભાગના લોકો માને છે કે આ દિવસો દરમિયાન કોઈ શુભકાર્યનો મંગલ પ્રારંભ ન કરવો જોઈએ. આ નર્યો અવૈજ્ઞાનિક અભિગમ છે. કોઈપણ દિવસ 'અશુભ' હોઈ કઈ રીતે શકે? પેટભરા પુરોહિત વર્ગે ઊભી કરેલી આવી ખરીખોટી પરંપરાથી મુક્ત થવાનો સમય પાકી ગયો છે. જે દિવસોમાં માણસ એના પિતૃઓનું તર્પણ કરતો હોય એથી વધુ શુભમંગલ સમય બીજો હોઈ શકે ખરો? પૂર્વજો પોતાના વંશજો પર આશીર્વાદ વરસાવતા હોય તેવા દિવસોને અપશુકનિયાળ ગણવા એ શું નર્યું શ્રદ્ધા અને બુદ્ધિનું સામટું દેવાળું નથી?

બોર્ડને વર્ષે ૧૦ કરોડની વધારાની રકમ મળશે

એસ.એસ.સી.-એચ.એસ.સી. બોર્ડની ફીમાં ટૂંકમાં વધારો થઈ શકે

બોર્ડની ફીમાં વધારો કરવા માટે હિલચાલ જારી : ૨૬મી સપ્ટેમ્બરના દિવસે પરીક્ષા સમિતીની મહત્વપૂર્ણ બેઠક

અમદાવાદ,તા. ૨૨

ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેસન બોર્ડ (જીએસઇબી) દ્વારા અગામી બોર્ડની પરીક્ષા માટે એસએસસી અને એચએસસી માટે ૨૦ ટકા સુધી ફીમાં વધારો કરવાની હિલચાલ ચાલી રહી છે. બોર્ડ પરીક્ષા ફીમાં વધારો કરવા અંગે ટુંક સમયમાં નિર્ણય કરાય તેવી શક્યતા દેખાઇ રહી છે. તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા દેખાઇ રહી છે. ૨૬મી સપ્ટેમ્બરના દિવસે નિર્ધારિત સમય મુજબ પરીક્ષા સમિતીની બેઠક મળનાર છે. જેમાં આ વિષય પર ચર્ચા કરવામાં આવનાર છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે જો સમિતી ૨૦ ટકા ફી વધારાની દરખાસ્તને સ્વીકારી લેશે તો બોર્ડને દર વર્ષે વધારાના ૧૦ કરોડ રૂપિયા મળશે. સાથે સાથે ૧૮ લાખથી વધારે બાળકોના માતા પિતાને વધારે તકલીફનો સામનો કરવો પડશે. જો કે આ ફી વધારાની દરખાસ્તને લઇને ખુબ સાવધાનીપૂર્વકનુ વલણ અપનાવવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે બોર્ડે વર્ષ ૨૦૦૬ બાદથી એસએસસી અને એચએસસી વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફીમાં વધારો કર્યો નથી. પરીક્ષા ફીમાં છેલ્લા સાત વર્ષથી કોઇ વધારો કરાયો નથી જેથી ફીમાં વધારો કરવા માટેની શક્યતા દેખાઇ રહી છે. બોર્ડને હાલમાં તમામ વર્ગ તરફથી વધારે ખર્ચનો સામનો કરવો પડી રહ્યો છે.

બોર્ડે ગયા વર્ષે પ્રતિ એન્સર પેપ ફી ત્રણ રૂપિયાથી વધારીને છ રૂપિયા કરી હતી. જે લોકો ઉત્તરવાહીની ચકાસણી કરે છે તે શિક્ષકો માટે ફીમાં વધારો કરાયો હતો. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેની માહિતી પ્રકાશિત કરવામાં આવ્યા બાદ હવે તમામની નજર ૨૬મી સપ્ટેમ્બરના દિવસે મળનારી બેઠક પર કેન્દ્રિત થઇ ગઇ છે.

બોર્ડ ફીમાં સુચિત વધારા વિરુદ્ધ વિરોધની શરૂઆત

બોર્ડ દ્વારા એસએસસી અને એચએસસી પરીક્ષા ફીમાં વધારો કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે ત્યારે વિદ્યાર્થીઓ, માતા પિતા અને આચાર્યો દ્વારા જોરદાર વિરોધની શરૂઆત થઇ ગઇ છે. ટોચની સ્કુલના આચાર્યો માને છે કે પરીક્ષા ફીમાં વધારો કરવાની હાલમાં કોઇ જરૂર નથી. કારણ કે બોર્ડ દ્વારા અગાઉ સાત અથવા તો આઠ વિષયમાં પરીક્ષા લેવામાં આવતી હતી જેની સામે હવે માત્ર છ વિષયમા જ પરીક્ષા થવા લાગી છે. બાકીના વિષયોની પરીક્ષા સંબંધિત સ્કુલ દ્વારા લેવામાં આવે છે. હાલમાં એસએસસી વિદ્યાર્થી દીઠ ૨૨૦ અને એચએસસી સામાન્ય પ્રવાહ માટે ૩૨૦ રૂપિયાની ફી લેવાય છે. જ્યારે એચએસસી વિજ્ઞાન પ્રવાહ માટે પ્રતિ સેમિસ્ટર પ્રતિ વિદ્યાર્થી માટે ૨૫૦ રૂપિયા લેવામાં આવે છે. બોર્ડ દ્વારા ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રતિ સેમિસ્ટર પ્રતિ વિદ્યાર્થી ૨૮૦ રૂપિયાની ફી લેવાય છે.

માસ્ટરજી... મારી ચણિયાચોળી માટે કમરનું માપ આ છોકરી પ્રમાણે લેજો... નવરાત્રી વખતે, આટલા માપની કમર સ્લીમીંગ સેન્ટર વાળાએ કરી દેવા પ્રોમીસ કર્યું છે...

યુટીઆઈ દ્વારા સીઆરપીએફમાં રોકાણકાર જાગૃતિ સેમિનાર યોજાયો

શહેરની યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડની શાખા દ્વારા ગાંધીનગરના લેકાવાડા ખાતે આવેલ સીઆરપીએફ કેમ્પસમાં રોકાણકારોની જાગૃતિ અંગેના સેમિનારનું આયોજન તા. ૨૦મી સપ્ટેમ્બર શુક્રવારે કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં કર્મચારીઓને રોકાણ કરવાના મહત્વ ઉપરાંત રોકાણ કરતી વખતે રાખવાની સાવધાની તેમજ જે કર્મચારીઓને પેન્શનનો લાભ મળવાનો નથી તેવા કર્મીઓ માટે નિવૃત્તિ ફંડના રોકાણના વિકલ્પોથી માહિતગાર કરાયા હતા. યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડના ગાંધીનગર શાખાના બ્રાન્ચ મેનેજર રૂષભ શાહે રોકાણકારોને ઉંડાણપૂર્વક માહિતી આપી હતી તેમજ હાજર કર્મચારીઓના સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા. આ સેમિનારમાં સીઆરપીએફની ડીઆઈજી રેન્જના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

યુનિવર્સિટીના વહીવટમાં પોલમપોલ

યુનિ ઈએમઆરસીની બે કારોની લોગબુક એક માસથી ગુમ

સિન્ડીકેટની બેઠકમાં પણ લોગબુક ગુમ થયાનો મામલો ચમક્યો હતો અને જવાબદાર સામે પગલાની માંગ કરાઈ

અમદાવાદ,તા. ૨૨

ગુજરાત યુનિવર્સિટીના વિભાગ દ્વારા ઈનોવા અને ટવેરા કારની લોગબુકનો છેલ્લા એક માસથી કોઈ અતોપત્તો નથી. ૨૦મી સપ્ટેમ્બરે મળેલી સિન્ડીકેટની બેઠકમાં પણ આ લોગબુક ગુમ થવાનો મામલો ઉછળ્યો હતો અને જવાબદાર તત્વો સામે પગલા લેવા માટે પણ માંગ કરવામાં આવી હતી. જોકે એ અંગે કોઈ નિર્ણય લેવાયો નહતો.

ગુજરાત યુનિવર્સિટીના ઈએમઆઈસી વિભાગ દ્વારા એકવાર વિવાદનું કેન્દ્ર બન્યો છે. જેમાં આ વિભાગ દ્વારા રૂપિયા ૧૬ લાખની કિંમતની ઈનોવા કાર ત્રણ મહીના પહેલા ખરીદવામાં આવી હતી. જ્યારે એક ટવેરા કાર યુનિવર્સિટી દ્વારા ઈએમઆરસી વિભાગને ફાળવવામાં આવી હતી. જોકે આ બન્ને કારોની લોગબુક છેલ્લા એક મહીનાથી ગુમ થઈ હોવાની યુનિવર્સિટીમાં ફરીયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦ સપ્ટેમ્બરે યુનિવર્સિટીની સિન્ડીકેટની બેઠક મળી હતી. જેમાં સિન્ડીકેટ સભ્યો દ્વારા આ લાગબુક ગુમ કરનાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવા માટે માંગ કરવામાં આવી હતી.

સિન્ડીકેટ સભ્યો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે કેટલાક સ્થાપિત હીતો દ્વારા લાભ મેળવવાના ઈરાદે આ લોગબુક ગુમ કરવામાં આવી છે. તેથી તેવા સ્થાપિત હીતોની તપાસ કરીને તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ. આ અંગે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ મુકુલ શાહે જણાવ્યું હતું કે, ઈએમઆરસી વિભાગમાં બે કારોની લોગબુક ગુમ થઈ હોવાની ફરીયાદ યુનિવર્સિટીને મળી છે અને યુનિવર્સિટી દ્વારા ઈએમઆરસીના ઈન્ચાર્જ ડાયરેક્ટર એમબી રાવને આ મામલે તટસ્થ તપાસ કરવા માટે કહી દેવામાં આવ્યું છે.

વધુમાં શાહે જણાવ્યું હતું કે, બન્ને કારોની લાગબુક છેલ્લા એક મહીનાથી ગુમ છે. ઓડીટ કરવા માટે સમયે લાગબુકની જરૂર ઊભી થશે. કારણકે ઓડીટમાં હીસાબ ન મળે ત્યાં સુધી નવી ગ્રાન્ટ ફાળવી શકાતી નથી. જોકે લોગબુક ગુમ કરવા પાછળ જવાબદાર તત્વો સામે કોઈ પગલા લેવા છે કે કેમ એ અંગે શાહે મૌન સેવી લીધું હતું.

આ લોગબુકમાં કાર કેટલા કિલોમીટર ફરી? કાર ક્યાં ગઈ? કોણ લઈ ગયું હતું? ક્યા કામે ગઈ હતી? કારમાં કેટલું પેટ્રોલ નંખાવ્યું? સહીતની તમામ વિગતો રાખવામાં આવે છે. તેથી ગુજરાત યુનિવર્સિટીના ઓડીટમાં લોગબુક ન મળતાં તંત્ર મુશ્કેલીમાં મુકાઈ જશે. ઉલ્લેખનીય છે કે,ઈએમઆરસી વિભાગ આ પહેલા પણ ચુજીસીની ગ્રાન્ટના વપરાશને લઈ વિવાદમાં ફસાઈ ચુક્યો છે. ત્યારે વધુ એક વિવાદે ઈએમઆરસી વિભાગના કાર્યદક્ષતા પર સવાલ ઊભા કર્યા છે.

પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં ત્રાસ બાબતે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક)માં જોગવાઈ છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૧૦

ડો. ભાવના કે. જોશીપુરા

કાનૂની શિક્ષણ શિબિરમાં કાનૂની જાગૃતિનો સંદેશો મેળવીને કોઈએક છેવાડાના વિસ્તારનો માનવી પણ કાયદાથી જાણકાર થઈ શકે છે જે સત્ય હકીકત છે. આપણે રૂખીના કેસ અંગે ચર્ચા કરી રહ્યા હતા. અડધી રાત્રે પોલીસ અમલદાર રૂખીના ઘર પાસે આવે અને રૂખી કાયદાની જાગૃતિ સાથએ બારણું ન ખોલે તે કોઈ નાની સુની ઘટના નથી. આપણે જોયું કે રૂખી પોતે જણાવે છે કે તે પોતે જ સવારે પોલીસ સ્ટેશનમાં હાજર થઈ જશે. આ રૂખી વિરુદ્ધ શું ફરીયાદ હતી?

રૂખીની દીકરી હંસાના લગ્ન બાજુના જ વિસ્તારના સુરેશ સાથે થયેલા. સુરેશને કારખાનાની નોકરી છોડીને પોતાનું કોઈ કામ શરૂ કરવાની ઈચ્છા હતી. સુરેશે રૂખી પાસેથી ૨૫ હજાર રૂપિયાની માંગણી કરેલ. રૂખીને પોતાની દીકરી સુખી રહે તેમાં જરૂર આનંદ મળે પરંતુ પોતાની આખી જિંદગીની કમાઈ એટલે રૂપિયા ૨૫ હજાર બચતના રૂખી પાસે હતા. રૂખી જો સુરેશને મદદ ન કરે તો સુરેશ હંસા સાથે સારો વ્યવહાર રાખે નહીં તેવું રૂખીને લાગતું હતું. જે બાબત સત્ય પણ હતી, સુરેશ ઘરે પણ હંસાને તેની માતા પાસેથી પૈસાની મદદ મેળવવા દબાણ કરતો. હંસા પણ પોતાની માને સુરેશને મદદ કરવા વિનંતી કરતી.

ભારતીય ફોજદારી ધારામાં કલમ ૪૯૮(ક) એ સ્ત્રીઓને સાસરી પક્ષમાં ત્રાસ સંદર્ભે છે. આ સાસરી પક્ષનો ત્રાસ તેની કઈ રીતે વ્યાખ્યા કરી શકાય? હંસાનો પતિ હંસાની માતા પાસેથી પૈસાની મદદ માટે હંસા ઉપર દબાણ લાવે, અત્યાચાર કરે, તે ખરેખર વ્યાજબી અને ન્યાયી? એક રીતે એવો પણ વિચાર આવે કે આવું જ્યારે બનતું હોય છે ત્યારે હંસા જેવી સ્ત્રીઓ પણ પોતાના પતિને મદદરૂપ થવા સંદર્ભે પોતાની મા પાસે નાણાંકીય અપેક્ષા રાખે છે. પરંતુ સાથે સાથે એમ પણ વિચાર આવે કે એક ઘરમાં હંસા અને સુરેશ સાથે રહેતા હોય અને સતત સુરેશ હંસાને એની મા પાસેથી પૈસાની મદદ માટેનું કહેતો હોય તો એ સુરેશના દબાણને વશ થઈને પોતાની મા પાસે પૈસાની માંગણી કરતી હોય છે. લગ્ન વિષયક તકરારમાં અનેક કારણો પૈકી આર્થિક સંકડામણ એ પણ એક મુખ્ય કારણ જોવા મળે છે.

રૂખી પોતાની આખી જિંદગીની કમાણી પોતાની દિકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે આપવા તૈયાર થઈ જાય છે. હંસાનો પતિ સુરેશ રૂખી પાસેથી રૂપિયા ૨૫ હજાર હાથ ઉછીના ઉધાર મેળવે છે અને ભવિષ્યમાં કામ સારું ચાલતા પાછા આપી દેશે તેવું જણાવે છે. સુરેશ એક ટેપ રેકોર્ડર પૈસાની સામે રૂખીને ત્યાં મુકી જાય છે.

રૂખી ટેપ રેકોર્ડરની ના પાડે છે. પરંતુ સુરેશ ટેપ રેકોર્ડર મુકી જાય છે. નાના નાના વિસ્તારોમાં આ રીતે આર્થિક વહેવાર ચાલતાં રહેતા હોય છે. એકબીજાને આર્થિક સંકડામણમાં ઉપયોગી થઈને લોકો એક પ્રકારનો આનંદ મેળવતા હોય છે. પોતાનો નાનો રોજગાર શરૂ કરવા પણ વ્યક્તિને એ રોજગાર સંદર્ભે તાલીમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મળે છે અને તાલીમ બાદ રોજગાર શરૂ કરવા માટે આર્થિક સહાયની અનેક યોજનાઓ ઉપલબ્ધ છે. બેંકબલ યોજનાઓ, અને જ્યારે વ્યક્તિ પ્રથમ કોઈ નવું સાહસ કરતો હોય ત્યારે સબસીડી પણ મોટા પ્રમાણમાં મળે છે. આ એક સામાજિક જાગૃતિનો સંદેશો છે. કાનૂની જાગૃતિ એ સામાજિક જાગૃતિનો એક ભાગ છે. આમ જોઈએ તો કાનૂની સમસ્યાના મૂળ સામાજિક સમસ્યા સુધી પહોંચતા હોય છે.

હંસાના પતિએ તો પૈસા ઉછીના લીધા અને પરત પણ ન આપ્યા. હંસાને સમય જતાં બીજી દિકરીનો પણ જન્મ થયો. સુરેશને બે દિકરીનો ભાર થાતો, વળી બીજી દીકરી સંપૂર્ણ સક્ષમ ન હતી એ સંદર્ભે પણ સુરેશ હંસા સાથે ક્જીયા કરતો. સુરેશ હંસાને બાળકીઓ સાથે ઘર છોડી જવા મજબૂર કરી અને હંસાએ માતા રૂખી સાથા આશ્રય લીધો.

સુરેશે રૂખીને આપેલું ટેપ રેકોર્ડર એ કોઈ બીજાનું હતું અને તે વ્યક્તિ દ્વારા સુરેશ રૂખી ઉપર ટેપ રેકોર્ડર ચોરીનો કેસ દાખલ કરાવે છે. સુરેશ એ કેસમાં સાક્ષી બને છે અને પોલીસને રૂખીનું સરનામું સુરેશ જ પૂરું પાડે છે. રૂખી પાસે ઘરમાં ટેપ રેકોર્ડર છે તે સત્ય બાબત છે પરંતુ સવાલ એ છે કે શું રૂખી એ ટેપ રેકોર્ડરની ચોરી કરી છે?

રૂખી રાત્રે પોલીસને તો જવાબ આપી દે છે પરંતુ સાથે તે વિચારમાં પડી જાય છે કે પોતે કોઈ ગુનો કર્યો નથી છતાં પોલીસ કેમ આવી? જે લોકો દ્વારા કાયદાની જાણકારી આપતી શિબિરનું આયોજન થયેલ તે પૈકી એક સામાજિક કાર્યકર અને વકીલ કે જે રૂખીના વિસ્તારના સંપર્કમાં પણ હતા તેઓ પાસે રૂખી સવારના પહોંચી ગઈ. આ સામાજિક કાર્યકર અને એડવોકેટે પોલીસ સ્ટેશનમાંથી રૂખી વિરુદ્ધની ફરીયાદ બાબતે માહિતી મેળવી પોલીસ અમલદારે રૂખી વિરુદ્ધ થયેલ ટેપ રેકોર્ડરની ચોરી બાબતની ફરિયાદ સંદર્ભે માહિતી પૂરી પાડી. રૂખીને પોતાની વિરુદ્ધ થયેલી ખોટી ફરીયાદથી મોટો આઘાત લાગ્યો.

રૂખી હવે શું કરે? સામાજિક કાર્યકર અને એડવોકેટે રૂખીની આખી વાત સાંભળીને હંસા પર થયેલા અત્યાચાર સંદર્ભે તે જ પોલીસ સ્ટેશનમાં સુરેશ વિરુદ્ધ ફરીયાદ આપી. રૂખી એ પોતે કોઈ જ ચોરી કરી નથી પરંતુ સુરેશ છળકપટ અને વિશ્વાસઘાતથી રૂખી પાસેથી પોતાની આખી જિંદગીની બચતના પૈસા પડાવી ગયો છે તે બાબત પણ અધિકારીને જણાવેલ. પોલીસ અમલદારને સાચી બાબતની માહિતી મળતા સુરેશ ત્રાહિત વ્યક્તિ પાસે દાખલ કરાવેલી ખોટી ફરીયાદ અરજીને ફાઈલ કરી દીધી. રૂખીની દિકરી હંસાની ફરીયાદ પરથી સુરેશ અને તેના ઘરના સામે ફોજદારી કેસ દાખલ કર્યો. કાયદાની સમયસર મળેલી મદદ પણ વ્યક્તિને ખોટા ખર્ચ અને ખોટી પરેશાનીમાંથી મુક્તિ અપાવી શકે છે અને તેના મૂળમાં તો કાનૂની જાગૃતિ સંદેશો જ ને?

હંસાએ પોતાના પતિ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (અ) સંદર્ભે ફરીયાદ દાખલ કરી.

સુરેશે પોતાની પત્ની અને સાસુ પાસેથી વધુ પૈસા લેવા માટે અને જો નાણાકીય મદદ ન કરે તો છૂટાછેડા મેળવવા દબાણ કરવા ખોટી ફરિયાદ ઊભી કરાવી હતી. સમય જતાં એવી પણ ખબર પડેલ કે સુરેશને ખોડખાપણવાળી દીકરી ગમતી નથી અને સુરેશની માતા પણ સુરેશને બીજી સ્ત્રી સાથે લગ્ન લેતા જણાવતી હતી. સુરેશને એમ થતું કે હંસાની મા મદદ કરે તો આર્થિક સંકડામણ દૂર થાય.

સવાલ એ કોઇ એક સુરેશ કે હંસાનો નથી. એક વ્યક્તિને એક સમયે નક્કી મદદ મળ્યા બાદ વધારે આર્થિક મદદ મેળવવા લોભ, લાલચ જાગે તે એક ખૂબ સ્વભાવિક માનનીય સ્વભાવની બાબત છે. એક ઘટના જો યાદ કરૂં તો, દીકરીને લગ્નમાં ગાજા બહારનો કરિયાવર આપ્યા બાદ પણ દીકરીના સાસુ લાખો રૂપિયાની માંગણી દીકરીના પિતા પાસે કરતાં હતા. દીકરીને તેની માતાને મળવાની મનાઇ ફરમાવી દીધી હતી અને દીકરીની માતા આ બાબતે ગંભીર માંદગીમાં પટકાઇ ગયેલ. આવા તો અનેક ઉદાહરણો અને સાચા કેસો નજર સમક્ષ તરવરે છે.

પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં ત્રાસ બાબતે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક)માં જોગવાઇ છે, ચાલો આપણે આ કાયદાને સમજવાની કોશીષ કરીએ.

પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં ત્રાસ

ભારતીય ફોજદારી ધારાની કલમ - ૪૯૮ (ક)

● વ્યાખ્યા :

પરિણિત સ્ત્રી તરફથી પતિ કે તેના સગા ક્રૂરતાભર્યું વર્તન કરે એટલે કે ત્રાસ આપે.

● સજાની જોગવાઇ :

ત્રણ વર્ષ સુધીની કેદની સજા તથા દંડ.

● સ્પષ્ટીકરણ

(૧) આ કલમના હેતુ માટે 'ત્રાસ' એટલે....

(અ) પરણિત સ્ત્રીના પતિ અથવા તેના સગાનું ઇરાદાપૂર્વક થતું એવું વર્તન કે જે પ્રકારનું વર્તન પરણિત સ્ત્રીને આપઘાત કરવા પ્રેરણા આપે અથવા એના પ્રકારની કનડગત પતિ કે પતિના સગા તરફથી હોય કે જેને કારણે પરિણિત સ્ત્રી પોતાની જાતને ગંભીર ઇજા પહોંચાડે અથવા શરીરના કોઇ પણ અવયવને એ પ્રકારની ઇજા પહોંચાડે કે જેથી તેણીની જીંદગી ભયમાં મુકાય અને આરોગ્ય (શારીરિક-માનસિક) ભયમાં મુકવા પ્રેરાય.

(બ) પરણિત સ્ત્રીને તેણી પાસેથી અથવા તેણીના કોઇ સગીર પાસેથી મિલકત કે કિંમતી જામીનગીરી પુરી પાડે તે હેતુથી તેણીને દબાણ કરવામાં આવે અને ગેરકાનૂની માંગણી પુરી કરવા માટે કનડગત કરવામાં આવે અથવા તો આ પ્રકારની મિલકત કે કિંમતી જામીનગીરી કે એવી કોઇ પણ માંગણી પરિણિત સ્ત્રી કે તેણીના સગા સંતોષી ન શકે તે કારણે કનડગત થતી હોય.

ભારતીય ફોજદારી ધારાની કલમ (ક) કલમના વિવરણ સંદર્ભે મળીએ આવતે અંકે...